ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૭-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

મહિલા સુરક્ષા અંગેના મહત્વનાં પગલાં

પિતૃસત્તાત્મક પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થા ધરાવતો આપણો મહાન દેશ મહિલા સુરક્ષાના મુદ્દે પ્રગતિ કરી રહ્યો છે તે જાણી કોઈપણ પ્રબુદ્ધ નાગરિકને રાજીપો થશે. ક્યારેક 'આંચળમાં દૂધ અને આંખોમાં પાણી' વાળી નિયતિ સાથે જીવતી ભારતીય નારીને પુરુષની લગોલગ કાયદેસરના અધિકારો ઉપલબ્ધ થાય, એનું કેવળ સ્ત્રી તરીકે જન્મી એ જ કારણસર ખોટું શોષણ ન થાય- એ દિશામાં કેન્દ્ર સરકાર અને કેરળ હાઈકોર્ટ દ્વારા બે અત્યંત દૂરોગામી અસર ધરાવતાં પગલાં લેવાયાં છે. એક જ દિવસે દિલ્હી અને કોચી જેવાં રાષ્ટ્રની અખંડિતતાને સાંધતાં નગરોમાં બે જુદીજુદી બાબતો અંગે મહિલાઓના લાભમાં થયેલ નિર્ણયો અત્યંત મહત્વનાં છે અને સર્વથા આવકારવા લાયક છે. આ અગાઉ કોર્ટ દ્વારા સમલૈંગિક સંબંધોને પણ માન્યતા આપવા બાબતે વિચારણા થયેલ છે. છૂટાછેડા જેવા સંજોગોમાં સામાન્ય રીતે સ્ત્રીને જ સહન કરવું પડતું હોય છે. પરંપરાગત પુરુષ પ્રધાન-પિતૃસત્તાત્મક જીવન શૈલીમાં પતિને તો પરમેશ્વરનો દરજ્જો અપાયો છે પરંતુ પત્ની માટે આજીવન દાસીનો જ રોલ નિર્ધારિત થયેલ છે. મનુસ્મૃતિ સ્ત્રીને સ્વતંત્રતા માટે લાયક નથી ગણતી. બાલ્યાવસ્થામાં એણે પિતાના આશ્રયે જીવવાનું હોય છે, ગૃહસ્થા શ્રમમાં પતિ કે પુત્રને અધીન રહેવાનું હોય છે. તેથી પુરુષ જ સર્વ સત્તાધીશ અને સંપત્તિનો માલિક બની રહે તે સ્વાભાવિક છે. આપણા બંધારણે સ્ત્રીને સમાન દરજ્જો અને અધિકારો તો આપ્યા પરંતુ તેમ છતાં છૂટાછેડા લીધેલ સ્ત્રીને કાયદાની રૂએ ફક્ત એના પતિ દ્વારા સ્વયં ઉપાર્જિત સંપત્તિમાં જ હક રહેતો હતો. હવે કેબિનેટે લગ્ન કાયદામાં સુધારાના મુસદ્દાને મહોર મારી દીધી છે, જે મુજબ છૂટાછેડા થતાં પત્નિ એના પતિની પૈતૃક સંપત્તિમાં પણ ભાગ મેળવી શકશે. મંત્રીઓના જૂથે કરેલી આ સુધારાલક્ષી ભલામણ સરકારે સ્વીકારી લેતાં મહિલાઓને અત્યાર સુધી થતા રહેતા અન્યાય સામે રક્ષણ મળી રહેશે. દીકરીને જેમ 'પારકી થાપણ' ગણી એના પિયરપક્ષ દ્વારા મિલકતના હકથી વંચિત કરી દેવાતી રહી છે તેમ સાસરિયાં એને 'પારકી જણી' ગણીને હાંસિયે ધકેલતાં રહ્યાં છે. કાયદાએ આ બેઉની બોચી પકડી છે અને ઉભય પક્ષે એને સંપત્તિની હકદાર માની છે. નવા સુધારા મુજબ શ્વસુર પક્ષની-પતિની પૈતૃક સંપત્તિમાં એને સીધો ભાગ નહીં મળે પરંતુ કોર્ટ જે આકારણી કરશે એ મુજબનું વળતર જરૂર મળશે. સ્ત્રીને માત્ર ઉપભોગનું સાધન માની એનું જાતીય શોષણ કરનારા પુરુષો સામે કેરળ હાઈકોર્ટે લાલ આંખ કરી છે. લિવ-ઈન- રિલેશન ધરાવતી સ્ત્રીને પણ ઘરેલું હિંસા પ્રતિરોધક કાનૂનનું સંરક્ષણ મળી શકશે. સુપ્રીમ કોર્ટે પણ લગ્ન માટેની કાયદેસરની વય ધરાવતાં અને પતિ-પત્નિની જેમ રહેતાં યુગલો તરફ સહાનુભૂતિ દર્શાવી એના સંબંધોથી સ્ત્રી પાર્ટનરને અન્યાય ન થાય એવી તાકીદ કરેલી છે. ઘરેલું હિંસા અંગેના કાનૂન હેઠળ રક્ષણ અને વળતરની માગણી કરતી પોતાની લિવ-ઈન-પાર્ટનરની ફરિયાદ સામે પુરુષ મિત્ર દ્વારા કરાયેલ અરજી ફગાવી દેતાં ન્યાયમૂર્તિ કે. હરિલાલે નિરીક્ષણ કર્યું છે કે કાયદાની કલમ 'ર-એ'નો હેતુ કાયદેસર લગ્ન કર્યા વગર પત્નીની જેમ રહેતી સ્ત્રીને રક્ષણ આપવાનો જ છે. આ ચુકાદાથી સ્ત્રીનું કૌંસ બહાર થતું શોષણ અટકશે.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની બાળાઓ રાજયકક્ષાએ રમવા જશે

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લા કક્ષાની નવી રમત સ્પર્ધા સાંઈ ખાતે યોજાઈ હતી. જેમાં શાળાની ૧૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તમામ ખેલાડીઓએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. આ ટીમ રાજયકક્ષાએ રમવા જશે. તમામ ને શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી તથા પરિવારે અભિનંદન પાઠવ્યા છે. પરમાર દૃષ્ટિ સી., સોલંકી કોમલ એમ, સિપાઈ મિસ્બા એસ., ગજજર જીનલ, રાવળ ધરતી, ચૌધરી ફોરમ, દમા હિમાક્ષી, વસૈયા ખુશ્બુ, ગોહિલ નિશાવી, ચૌધરી સંગીતા, રાઠોડ હિરલ, ચૌધરી સોનલ, ચૌધરી દક્ષા, ઠાકોર પાયલ.

સે-૩૦ ઝુલેલાલ મંદિરે ગુરૂપૂર્ણિમા પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સે-૩૦માં આવેલ ભગવાન ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે આગામી તા. ૨૨મી જુલાઈ ૨૦૧૩ના રોજ તૃતીય ગુરૂપૂર્ણિમાના પાવન પર્વની શ્રધ્ધા અને ભકિતપૂર્વક ઉજવણી કરવામાં આવશે.

આ ધાર્મિક પર્વે સવારે ૫ કલાકે પૂજા આર્ચના, ૮ કલાકે પાદુકા પૂજન, બપોરે ૧૨ કલાકે મધ્યાહન આરતી સાંજે ૫ કલાકે ૧૦૮ દિવડાઓની મહા આરતી સાંજે ૬ થી ૯ કલાક દરમિયાન ભોજન-મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ભાવિક ભકતોને દર્શન, પૂજા-અર્ચના અને મહાપ્રસાદનો લાભ લેવા સિંધી પંચાયતના પ્રમુખ લાલચંદ ગોપલાણીએ ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

ગૌરીવ્રત નિમિત્તે સે. ૨૯/૧ પ્રાથમિક શાળામાં સૂકોમેવો, ફૂટનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૯

ગૌરીવ્રતની શરૂઆત થતા જ શહેરમાં નાની બાળાઓ સ્કૂલે જતા અવનવા રંગીન વસ્ત્રો ધારણ કરતી હોય છે. બાળાઓ આ વ્રત દરમ્યાન સુકોમેવો, ફૂટ વિગેરે આરોગતી હોય છે. પરંતુ સમાજમાં નમુનારૂપ બાબત એ છે કે ગાંધીનગર સિનિયર સિટિજનની બહેનો દ્વારા સેકટર-૨૯ની પ્રાથમિક શાળા નંબર-૧માં ગૌરીવ્રત કરતી બાળાઓને સુકોમેવો, ફૂટ, ચાંલ્લા, બોરીયાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૯ની શાળા નંબર-૧માં ગાંધીનગર સિનિયર સિટિજન તરફથી ગૌરીવ્રત કરતી બાળાઓને સુકોમેવો, ફૂટ, ચલ્લા, બોરીયા વિગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરોકત શુભ કાર્યમાં સિનિયર સિટિજનના કન્વિનર મીનાબેન શાહ, પૂર્વ કન્વિનર જશુબેન ઠક્કર, કુસુમબેન તન્ના, મનોરમાબેન ઠક્કર, જ્યોતીબેન પટેલ, સુમનબેન શાહ તેમજ હંસાબેન ગાંધી હાજર રહ્યા હતા. ઉપરોકત કાર્યક્રમાં સિનિયર સિટીજનની પ્રવૃત્તિઓની માહિતી બહેનો દ્વારા આપવામાં આવી હતી. જેમાં બાળાઓને ગૌરીવ્રત નિમિત્તે સુભાશીષ પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં સિનિયર સિટિજનના સુમનબેન શાહ દ્વારા શાળામાં પંખો આપવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. આ શાળાના આચાર્ય રશ્મીબેન જોષીએ સિનિયર સિટિજનનની સર્વે બહેનોનો આભાર માન્યો હતો.

ગુરુપૂર્ણિમા નિમિત્તે પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજશ્રીની પાદૂકા પૂજન યોજાશે

ગાંધીનગર, તા.૧૯

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગરના ઉપક્રમે ત્રિમૂર્તિ દત્તમંદિરે ૨૨મી જુલાઈ સોમવારના રોજ ગુરુ પૂર્ણિમા નિમિત્તે સાંજે ૭.૦૦ થી ૧૦.૩૦ કલાકે પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજશ્રીની પાદૂકા પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તે ગાંધીનગર શહેરના ધાર્મિક ભકતજનોએ દર્શનનો લાભ લેવા પધારવા વિનંતી છે. પાદૂકાને સ્પર્શ કરવા માંગતા ભાઈઓએ ધોતી/પિતાંબર તથા બહેનોએ સાડી પહેરવી ફરજીયાત છે તેમ શ્રી નવનીતભાઈ વી. પાઠક શ્રીત્રિમૂર્તિ દત્તમંદિરના આચાર્યશ્રીએ જણાવ્યું છે.

ખેલ મહાકુંભનું ઓનલાઈન રજીસ્ટ્રેશન તા. ૧ ઓગષ્ટથી શરૂ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના સ્વામી વિવેકાનંદ કેન્દ્રો-મહિલા મંડળોની ખેલ મહાકુંભના કાર્યક્રમમાં રજિસ્ટ્રેશન, પાર્ટીશીપેશન અને આયોજનમાં તેમજ સરકારના ફ્લેગશીપ કાર્યક્રમોમાં સામેલ કરી શકાય તેવા ઉમદા આશયથી આજરોજ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓના મંત્રી શ્રી રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને બેઠક જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે મળી હતી. આ બેઠકમાં જિલ્લા કક્ષાના, તાલુકા કક્ષાના અને નગર પાલિકા કક્ષાના મંડળોના -મુખશ્રીઓ અને મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.

આ બેઠકમાં મંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, દેશની આવતી કાલને ઉજજવળ બનાવનાર યુવાનો સામર્થ્યવાન અને સશકત બને તે માટે સમગ્ર રાજયમાં સ્વામી વિવિકાનંદ યુવા કેન્દ્રોની રચના કરવામાં આવી છે. યુવાનો ખેલકૂદના માધ્યમથી ખેલદીલીની ભાવના વધુ -બળ બને અને રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બની શકે તેવો આશય રાજય સરકારનો છે. જેથી ચાલુ વર્ષે રાજયમાં યોજાનાર ખેલ મહાકુંભ તાલુકા કક્ષાની સીટના બદલે ગ્રામ્ય કક્ષાએથી શરૂ થશે. જેમાં ગામની બહેનોને સહભાગી બનાવવા માટે ગ્રામ્ય કક્ષાએ બહેનો માટે માટલા દોડ, લીબું ચમચો, સોય-દોરા અને સંગીત ખુરશી જેવી રમતો યોજાશે. તેમજ ભાઈ માટે ૧૦૦મીટરની દોડ, વોલીબોલ, કબડ્ડી અને રસ્સા ખેંચની સ્પર્ધા યોજાશે. આ વખતે ૧૨ વર્ષની ઉંમરનો એક નવો વિભાગની રમતો પણ રમાશે. જેમાં ખાનગી અને સરકારી શાળાના તમામ વિદ્યાર્થીઓ સહભાગી બની શકશે. આ વિભાગની રમતો શાળાઓમાં જ યોજાશે. ખેલ મહાકુંભનું ઓન લાઈન રજીસ્ટ્રેશન તા. ૧ ઓગષ્ટથી થનાર છે. મંત્રીશ્રીએ વધુમાં વધુ રમત-મીઓ જોડાય તે માટે સ્વામી વિવેકાનંદ મંડળોના -મુખ અને મંત્રીઓને હાંકલ કરી હતી.

સરકારના ફ્લેગશીપ કાર્યક્રમોમાં જિલ્લાના સ્વામી વિવેકાનંદ કેન્દ્રો મહિલા મંડળો સક્રિય બને તેવા ઉમદા આશયથી આજ રોજ મંત્રી શ્રી રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે બેઠક યોજાઈ

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, ગામડાના યુવાનોમાં વિવેકાનંદના વિચારધારાને પંહોચડવા સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રો આધાર સ્તંભ બની રહેશે તેવી આશા વ્યકત કરી હતી. તેમજ વન મહોત્સવ, શાળા -વેશોત્સવ, જેવા રાજય સરકારના ફ્લેગશીપ કાર્યક્રમમાં આ મંડળની સક્રિય ભૂમિકા રહે તે વાત ભાર પૂર્વક જણાવી હતી.

મંત્રી શ્રી રમણલાલ વોરાએ સ્વામી વિવેકાનંદના મંડળો સાથે તાલુકા કક્ષાએ અને -ંત કક્ષાએ નિયમિત બેઠકો યોજવા પણ મામલતદાર અને -ંત અધિકારીશ્રીઓને ભાર પૂર્વક જણાવ્યું હતું. આ બેઠકમાં નિયમિત રીતે આવનાર -મુખશ્રીઓ અને મંત્રીશ્રીઓને વાહન અવર-જવરનું ભથ્થું આપવા પણ સક્રિય વિચારણા હેઠળ હોવાનું પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી. જે. ભટ્ટ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલશ્રી સહિત જિલ્લાના સ્વામી વિવેકાનંદ મંડળાના -મુખશ્રીઓ, મંત્રીશ્રીઓ અને સંબંધિત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

બેટા જરા પણ ચિંતા ના કર, કીડનેપ થયા બાદ અડધો કલાકમાં જ તને મુકત કરવા આપણી વ્યવસ્થા સક્ષમ છે...

સે-૨૭ મહારાણા પ્રતાપ સ્કૂલનો સમય સવારનો થશે

વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાને લઈ નિર્ણય લેવાશે

ગાંધીનગર, તા.૧૯

સે-૨૭ મહારાણા પ્રતાપ વિદ્યામંદિરમાં શાળાનો સમય બદલવા ઉપરાંત શાળાને ખાનગી ટ્રસ્ટને સોંપી દેવાની હીલચાલ સામે વિદ્યાર્થીઓમાં આકોશ પ્રવર્ત્યો છે. જયારે છેલ્લા બે દિવસથી આ મામલે વિરોધ પ્રદર્શિત કરતા વિદ્યાર્થીઓની માંગણીને ધ્યાને લઈ શાળાનું શૈક્ષણિક કાર્ય સવારે કરવા જિલ્લા શિક્ષણાધિકારીએ હૈયાધારણા આપી છે.

સે-૨૭ સ્થિત મહારાણા પ્રતાપ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓમાં શાળાના શિક્ષકોની બદલી ઉપરાંત શાળાનો સમય બપોરનો કરવા સહિત સ્કુલને ખાનગી ટ્રસ્ટને સોંપી દેવાની હીલચાલ સામે રોષ પ્રવર્ત્યો છે. શાળાના વિદ્યાર્થીઓ છેલ્લા બે દિવસથી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં ધામા નાંખી આ મામલે રજૂઆત કરતા આખરે આજે ડી.ઈ.ઓ.એ. શાળાની મુલાકાત લીધી હતી. આ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓની રજૂઆત સાંભળ્યા બાદ વિદ્યાર્થીઓનું સંમતિપત્રક અને સહી લીધા બાદ શાળાનો સમય સવારનો કરવાની તૈયારી દર્શાવી હતી. અલબત્ત શાળાનો સમય બદલવાના મામલે જિલ્લા શિક્ષણતંત્રએ તૈયારી દર્શાવતા હવે પાછા મોર્નિંગ અવર્સમાં સ્કુલ કાર્યરત થાય તેવી સંભાવના છે.

વર્ષાના વધામણા કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાય સેકન્ડરી સ્કુલ તરફથી વર્ષાના વધામણાનું આયોજન કરેલું હતું. જેમાં ૧૫ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સંચાલક તરીકે શાળાના શિક્ષિકા રૂચાબેન જાનીએ ભૂમિકા ભજવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે જયદત્તભાઈ અજવાણીએ ફરજ બજાવેલ હતી. મોટી સંખ્યામાં શ્રોતાઓ જોડાઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વિજેતા થનાર વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમાંકે રાઠોડ નિધિ, દ્વિતીય પરમાર હિતાર્થ, તૃતીય ક્રમાંક ડાભી નિકુલ આચાર્ય ચીનુભાઈ પટેલ કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો હતો.

જે.એમ. ચૌધરી ગ્રાન્ટેડ વિદ્યાલયની બાળાઓ હોકી ટીમમાં પસંદગી

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લા કક્ષાની શાળાકીય હોકી રમત સ્પર્ધા સાંઈ ખાતે યોજાઈ હતી. તેમાં ગ્રાન્ટેડ વિભાગની ૧૬ બહેનો પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. આ ટીમ રાજયકક્ષાએ રમવા જશે. તમામને શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી અને વ્યાયામ શિક્ષિકા બહેનોએ અભિનંદન પાઠવ્યા છે. પ્રિયંકા બી. પ્રજાપતિ, હિમાંશી જી. પરમાર, જીનલ એસ. શ્રીમાળી, ક્રિષ્ના બી. પ્રજાપતિ, ધરા એમ. પરીખ, બિનલ, પરિતા, હેમાંગી, જનક કે. રાણા, અપેક્ષા, જાનવી ચૌધરી, નિશા ચૌહાણ, રશ્મિ પટેલ, રીતુ, અસ્મિતા પંડયા.

સી.યુ. શાહ અને બી.એડ. કોલેજ લોદરાના સંયુકત ઉપક્રમે ગુરુ પૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

શેઠ સી.યુ. વિદ્યાલય લોદરા તથા બી.એડ. કોલેજ લોદરાના સંયુકત ઉપક્રમે ગુરુ પૂર્ણિમાની ઉજવણી નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન થયું હતું. શાળાની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીતથી કાર્યક્રમની શરુઆત કરી હતી. શાળાના આચાર્ય ડૉ. બી.ડી. પંડયાએ પુષ્પગુચ્છથી, શંભુકાકાએ શાલ ઓઢાડીને અને બી.એડ.ના પ્રિન્સીપાલ ડૉ. આર.કે. પટેલે મોમેન્ટોથી મુખ્ય મહેમાન પ્રો. નરેન્દ્રભાઈ રાવલનું સ્વાગત કર્યું હતું. ડૉ. આર.કે. પટેલ અને પ્રો. નરેન્દ્રભાઈ રાવલે ગુરુપૂર્ણિમા સંદર્ભે પ્રવચન આપ્યું હતું. શાળાના વિદ્યાર્થી કરણ વ્યાસ તથા બી.એડ.ની તાલીમાર્થી બહેનોએ પણ સુંદર વકતવ્ય રજુ કર્યું હતું. બી.જે. રાઠોડે આભારવિધિ કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સુંદર રીતે સંચાલન ઋતેષભાઈ પટેલે કર્યું હતું.

બાળવિકાસની નવી કેડી કંડારતું 'બાળ વિશ્વવિદ્યાલય'

સંસ્થા પરિચય

- હર્ષદ પ્ર. શાહ
કુલપતિ : બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

સમગ્ર વિશ્વની અપ્રતિમ એવી 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ની સ્થાપના જુલાઈ ૨૦૦૯માં થઈ. આખાયે ભારતની આ પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે, જે બાળવિકાસની સમગ્રતા અને સર્વાંગીણતાની અવધારણાને સાકાર કરવા પ્રતિબદ્ધ છે. એનું ધ્યેય સૂત્ર છે- 'પ્રત્યેક બાળક મહત્વનું છે.' એનું કાર્યક્ષેત્ર આખું ગુજરાત છે. ૧૮ વર્ષ સુધીના ગુજરાતના ૨.૨૫ કરોડ બાળકો એનું લક્ષ્ય બિંદુ છે. સમગ્ર બાળવિકાસની પ્રક્રિયા યુનિવર્સિટી ૪ આયોમોમાં કરી રહી છે- સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ અને વિસ્તરણ.

આ યુનિવર્સિટી દ્વારા અત્યાર સુધી ઘણાં નોંધપાત્ર કામો થયાં છે, જેની વિગતો નીચે મુજબ છે-

૧) યુનિવર્સિટી દ્વારા 'બાળવિશ્વ' નામનું માસિક મેગેઝીન પ્રકાશિત થઈ રહ્યું છે, જે બાળકો, વાલીઓ અને શિક્ષકો- બધા માટે ખૂબ ઉપયોગી વાચન સામગ્રી પીરસી રહ્યું છે. અત્યાર સુધીમાં એના ૧૨ અંકો પ્રકાશિત થઈ ચૂક્યા છે. અત્યારે એની ૯૦૦૦ નકલ ગુજરાતમાં જાય છે. વેબસાઈટ પર પણ વાંચી શકાય છે.

૨) જુલાઈથી ઓકટોબર ૨૦૧૨ દરમિયાન દર બુધવારે રાત્રે ૮થી ૯ના સમયમાં 'ડીડી ગિરનાર' ચેનલ પરથી 'હેલ્લો બાળવિશ્વ' અંતર્ગત ૧૮ કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવ્યા. એક કલાકના આ જીવંત પ્રસારણમાં બાળક, બાળ મનોવિજ્ઞાન, ૩૬૦ નું શિક્ષણ, ગર્ભવિજ્ઞાન, બાળઉછેરની કળા, વાર્તા અને નાટક દ્વારા બાળશિક્ષણ તથા શિક્ષણનું ભારતીય સ્વરૂપ જેવા વિષયો પર સમાજનું સીધું પ્રબોધન કરવામાં આવ્યું.

૩) યુનિવર્સિટી દ્વારા ૨૦૧૨ના વર્ષમાં રાજય સ્તરની એક 'વાર્તા સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવોદિત અને અનુભવી લેખકો દ્વારા ૪૫૬ જેટલી નવી વાર્તાઓ લખાઈને યુનિવર્સિટીને મળી. જેનું યોગ્ય સમયે 'બાળવિશ્વ'માં પ્રકાશન થાય છે.

૪) યુનિવર્સિટી દ્વારા અત્યાર સુધીમાં 'ભૂલકાંઓના ખજાનો' એ શીર્ષક હેઠળ ૩ વાર્તાસંગ્રહો પ્રકાશિત કરવામાં આવ્યા, જેમાં કુલ ૭૫ વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૫) યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર દર મહિનાની ૧૨ અને ૨૭ તારીખે યુનિવર્સિટીના કુલપતિશ્રી હર્ષદ શાહના લેખો 'કુલપતિ સ્થાનેથી..' શીર્ષક હેઠળ મુકવામાં આવે છે. એ જ તારીખોમાં ચિત્રો સાથે ૪-૪ વાર્તાઓ પણ Stories શીર્ષક હેઠળ મુકવામાં આવે છે. આ વાર્તાઓ ગુણ સંવર્ધક અને દોષરહિત પ્રકારની હોય છે. પરિવારો વેબસાઈટ વીઝીટ કરે તો એમને વાર્તાઓનો વિપુલ ભંડાર મળી રહે તેમ છે.

૬) યુનિવર્સિટીએ પરિવારોને બાળ ઉછેર સંબંધી ખૂબ ઉપયોગી એવું એક પુસ્તક 'શૈશવનું સ્મિત' પ્રકાશિત કર્યું છે. જેમાં દુનિયાના અનેક મહાનુભાવોનાં 'બાળક' અંગેનાં કથનોને સુંદર રેખાચિત્રોથી અભિવ્યક્તિ કરવામાં આવ્યાં છે. પારિવારિક પ્રસંગોએ ભેટ આપવા જેવું આ સુંદર પુસ્તક છે.

૭) બીજી ઓકટોબર-૨૦૧૦ (ગાંધી જયંતિ)ના દિવસથી યુનિવર્સિટીનો એક ખૂબ મહત્વનો પ્રકલ્પ ચાલી રહ્યો છે- 'તપોવન સંશોધન કેન્દ્ર' આ ગર્ભ વિજ્ઞાન અને ગર્ભ સંસ્કારનું શિક્ષણ આપતો પ્રકલ્પ છે. સર્ગભા માતાઓને સંતાનોનું અવતરણ કરવા માટે ખૂબ ઉપયોગી એવી વિવિધ પ્રવૃત્તિઓ રોજ ૩ કલાક કરાવવામાં આવે છે અને પૌષ્ટિક આહાર પણ આપવામાં આવે છે .આ કાર્ય નિઃશુલ્ક થાય છે. અત્યાર સુધીમાં યુનિવર્સિટીનાં આવાં ૧૧ તપોવન કેન્દ્રો પર ૧૦,૦૦૦ માતાઓ આવી ગઈ છે અને એમણે શ્રેષ્ઠ બાળકોને જન્મ આપ્યો છે. ગર્ભશિક્ષણનો આ પ્રકલ્પ ખૂબ લોકપ્રિય થઈ રહ્યો છે. આ વર્ષના અંત સુધીમાં કુલ ૨૦ તપોવન કાર્યરત થઈ જાય એવી યોજના છે.

૮) ગુજરાતની વિવિધ ૧૨ શાળાઓને યુનિવર્સિટીએ 'વિદ્યાનિકેતન' તરીકે જોડાણ આપ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથેનો સંપર્ક સઘન બન્યો છે. યુનિવર્સિટીની ટીમ વિવિધ વિષયોના તજજ્ઞો- આ 'વિદ્યાનિકેતનો'માં જઈ સંગીત, ચિત્રકામ, સંસ્કૃત સંભાષણ, દેશી રમતો દ્વારા શારીરિક વિકાસ જેવા વિષયો પર વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શિક્ષણ આપે છે. અનૌપચારિક રીતે અપાતું આ શિક્ષણ વધુને વધુ સ્વીકૃત બનતું જાય છે. આ વિદ્યાનિકેતનોના શિક્ષકોનું પણ અંગ્રેજી, વિજ્ઞાન, સંગીત, ભાષા, નભોદર્શન જેવા વિષયોના ૩-૩ દિવસના વર્ગો દ્વારા પ્રશિક્ષણ થઈ રહ્યું છે.

૯) ગાંધીનગરની આસપાસની ૩૪ સરકારી શાળાઓના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓને પણ યુનિવર્સિટી સતત સંપર્કમાં રાખી રહી છે અને એમનું સ્તર ઊંચું લાવવાના સઘન પ્રયાસો થઈ રહ્યો છે.

૧૦) ગાંધીનગરના કેટલાક પ્રબુદ્ધ ચિંતકોને મહિનામાં એકવાર બે કલાક માટે બોલાવી રચનાત્મક ચિંતન કરવામાં આવે છે. આ કાર્યક્રમનું નામ 'બાળચિંતન વૃંદ' છે.

૧૧) આગામી બે-ત્રણ મહિનામાં શરૂ થનારી કાર્યયોજનાઓ-

૧- 'પરિવારની પાઠશાળા'માં ગુજરાતના વાલીઓનું- પરિવારોનું પ્રબોધન કરવાની સઘન યોજના બની રહી છે જે પરિવાર અને બાળકને જોડનારી મહત્ત્વની કડી હશે.

૨- 'ગીતમંચ' નામના પ્રકલ્પ હેઠળ ખ્યાતનામ સંગીતજ્ઞો દ્વારા ૩ કેસટો બની રહી છે- બાળ ગીતો, ભાવ ગીતો અને દેશભક્તિ ગીતોની આ કેસેટો ગુજરાતનાં બાળકોને સંગીત નામના તત્વ સાથે જોડવાનું... અભિમુખ કરવાનું મહત્વનું કામ કરશે.

૩- આગામી સમયમાં વાર્તાનાં નવાં પુસ્તકો અને ગર્ભવિજ્ઞાનની નાની નાની પુસ્તિકાઓ પ્રકાશિત કરવાની યોજના છે.

સ્થાનાભાવે અહીં વર્ણવી શકતો નથી... પણ તરુણો માટે એમની મૂંઝવણોનું નિરાકરણ, કારકિર્દી માર્ગદર્શન અને અનેક સમાજોપયોગી વિષય પર સંશોધનનું કાર્ય યુનિવર્સિટી દ્વારા પૂરઝડપે ચાલી રહ્યું છે.

અમારા ધ્યેયની સમીપ જવા પ્રત્યેક કદમ મહત્વનું છે. ગુજરાતની સુજ્ઞ પ્રજા એમની આત્મીયતા આ યુનિવર્સિટી પર વરસાવે એવી અપેક્ષા સાથે વિરમું છું.